ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-02 તા.16-09-2021

**ગુજરાતનાં પનોતા પુત્ર તેમજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર સુધી ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીનાં માર્ગદર્શન તેમજ પ્રેરણાથી ઉજવશે 'સેવા અને સમર્પણ અભિયાન'.**

---

**કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી નડ્ડાજી તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીનાં ઉત્સાહવર્ધક માર્ગદર્શન હેઠળ અનેરા ઉલ્લાસનો સંચાર અનુભવી રહ્યું છે.**

---

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે 20 દિવસ અવિરત સેવાકીય કાર્યોનો મહાસેવા સમર્પણ યજ્ઞ**

---

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ભેટ સોગાદોની જાહેર હરાજીની આવક ગરીબ કલ્યાણ માટે વપરાશે.**

---

**ડોકટર સેલદ્વારા માતાઓ બહેનોના ગર્ભાશયના કેન્સરના નિદાનનો પેપટેસ્ટ કેમ્પ 170 સ્થળોએ 8500 બહેનો લાભાન્વિત થશે.**

---

**રક્તદાન શિબિરો, 71 બાળકોની ઓપન હાર્ટ સર્જરી, 71 લાખ વૃક્ષારોપણ, 01 લાખ નોટબુક વિતરણ, 850 રેન વોટર હાર્વેસ્ટિંગ, 1000 સાઇકલ રેલીઓ જેવા અનેક પ્રજાલક્ષી સેવાકીય કાર્યો થશે.**

---

**7100 ગામોમાં સાંજે 07:00 વાગ્યે રામમંદિરમાં આરતી-મહાઆરતીનો સંકલ્પ**

---

**41 જીલ્લા/મહાનગરોમાં યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની જીવનગાથાની પ્રદર્શનીનું આયોજન**

---

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વિશ્વના સૌથી વધુ લોકપ્રિય નેતા અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રી તેમજ ભારત સરકારના વડાપ્રધાન તરીકે જનતાના આશીર્વાદથી આગામી તા. ૦૭ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ યશસ્વી ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી દર વર્ષે તેમના જન્મદિનને સેવાકીય સપ્તાહ તરીકે ઉજવે છે. તેવી જ રીતે આ વર્ષે તા. ૧૭ સપ્ટેમ્બર થી ૦૭ ઑક્ટોબર સુધી ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સીઆર પાટીલજીનાં માર્ગદર્શન તેમજ પ્રેરણાથી સેવા અને સમર્પણ અભિયાન ચલાવવાની છે જે અંતર્ગત વિવિધ સ્વાસ્થ્ય સંબંધિત કાર્યક્રમો જીલ્લા મહાનગરમાં યોજાશે, તેની વિસ્તૃત માહિતી નીચે પ્રમાણે છે.

સેવા અને સમર્પણ અભિયાનના ગુજરાતના ઇન્ચાર્જ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદીપસિંહજી વાઘેલા તેમજ સહ-ઇન્ચાર્જ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ભરતભાઇ બોઘરાના માર્ગદર્શનથી સમગ્ર ગુજરાતમાં રાજ્યસ્તરથી મંડળસ્તર સુધી અલગ-અલગ સાત કમિટી બનાવવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

**01)** બૂથ સ્તરે થનારા કાર્યક્રમો
**02)** પર્યાવરણ સંબંધી કાર્યક્રમો
**03)** સ્વાસ્થ્ય સંબંધીત કાર્યક્રમો
**04)** સેવાકીય કાર્યક્રમો
**05)** પ્રચાર-પ્રસાર
**06)** મીડિયા વિભાગ
**07)** સોશિયલ મીડિયા સંબંધી

આ અભિયાનના મીડિયા ઇન્ચાર્જ શ્રી આઈ.કે.જાડેજા તેમજ શ્રી યજ્ઞેશભાઈ દવે એક અખબારી યાદીમાં જણાવે છે કે, તા. ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર ૨૦૨૧ સુધી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ૨૦ વર્ષની રાજકીય સફર નિમિત્તે ૨૦ દિવસ સુધી અનેકવિધ ભવ્ય સેવાકિય કાર્યક્રમો યોજાનાર છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અત્યાર સુધીમાં મળેલી ભેટ અને સોગાદોની  જાહેર ઓનલાઇન નીલામી યોજવામાં આવશે ગુજરાતભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પદાધિકારીઓ તથા જિલ્લા મહાનગરના પદાધિકારીઓ પણ આ લીલામી માં  ભાગ લેશે અને ઉલ્લેખનીય છે કે આ આવક ગરીબોના કલ્યાણ માટે વાપરવામાં આવશે

માન. વડાપ્રધાનશ્રીનો તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ નિમિત્તે ૮૫૦૦ બહેનોનો સર્વાઈકલ કેન્સર (ગર્ભાશયના મુખનુ કેન્સર)ના નિાન માટે **Pep Smear Test**ના નિદાન કેમ્પ ૦૮ મહાનગરોમાં ૧૭૦ વોર્ડમાં ગાયનેક હોસ્પિટલોમાં આયોજન કરવામાં આવેલ છે. ૮૫૦૦ બહેનોનો કેન્સર નિદાન કેમ્પ એ એક નવો વર્લ્ડ રેકોર્ડ થવા જઈ રહ્યો છે. આ નિદાન કેમ્પોમાં ચૂંટાયેલા લોકપ્રતિનિધિશ્રીઓ અને સંગઠનના પદાધિકારીશ્રીઓ બપોરે ૦૨ થી ૦૫ના સમયગાળામાં ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત જીલ્લા મહાનગરના દરેક મંડલ અને વોર્ડમાં ડૉકટર સેલની મદદથી મેડીકલ કેમ્પનું આયોજન થનાર છે. માન. પ્રધાનમંત્રીજીના જન્મદિવસે દરેક જીલ્લા મહાનગરમાં આયોજીત થશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

જીલ્લા મહાનગરમાં તમામ વિધાનસભા સીટોમાં ૧ રક્તદાન શિબિરનું આયોજન થશે. આ કેમ્પ વિધાનસભામાં આવેલી કોઈપણ સહકારી સંસ્થાની સાથે સંયુક્ત રીતે થાશે. જેમાં યુવા મોરચો, સહકારી સંસ્થાઓ, એનજીઓ પાર્ટીના કાર્યકરો સહભાગી થશે. ૭૧ બાળકોની ઓપન હાર્ટ સર્જરી - રાજકોટ ૭૦૧ લાખ વૃક્ષારોપણ સહકારી સંસ્થાઓ સાથે ૧ લાખ નોટબુક વિતરણ, ૮૫૦ રેઈન વોટર હાર્વેસ્ટીંગ લોકાર્પણ, ૧૮૨ વિધાનસભામાં ૨૫૦ થી ૧૦૦૦ સાયકલ રેલીઓ યોજાશે. અમરેલી ખાતે ૧ આઈ.સી.યુ. એમ્બ્યુલન્સનું લોકાર્પણ, ૧૦૦ પ્રજ્ઞાચક્ષુઓને સેન્સરવાળી સ્ટીંકનું વિતરણ થશે.

એટલું જ નહી બલ્કે દરેક બુથમાં ૨૫ લાખ નમો એપનું ઇન્સ્ટોલેશન થશે તેમજ સફાઈ કાર્યક્રમો પણ યોજાશે મેડીકલ કેમ્પ - અમદાવાદ ૭૦ વોર્ડમાં ૧૦૦ ગાયનેક અને ૧૦૦ પેથોલોજી - લેબોરેટરીઓની સહાયતા દ્વારા ડરબન, સાઉથ આફ્રીકાનો પેપટેસ્ટ કરવાનો ઇ.સ.૨૦૧૭નો રેકોર્ડ ૨૦૦૦ હતો જે હવે ૮૫૦૦નો રેકોર્ડ થશે. આ ઉપરાંત ફ્રુટ વિતરણ, દિવ્યાંગોને સહાયતા જેવા તો અનેક સેવાકીય કાર્યક્રમો થનાર છે.

માનનિય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબનું પ્રેરણાદાયી વ્યક્તિત્વ તેમજ તેમની જીવનગાથા ઉપર ૩૫૩ પુસ્તકો નાં ૪ શહેરોમાં પ્રદર્શનો યોજાશે. અયોધ્યામાં રામમંદિરની રચના નો માર્ગ ખુલ્લો થયો છે તેવા સમયે ભાજપ કાર્યકરોએ ૭૧૦૦ ગામોમાં સાંજે ૭ વાગે રામ મંદિરમાં આરતી મહાઆરતીઓનો સંકલ્પ. ૨૫ સપ્ટેમ્બર પંડીત દીનદયાળજીની જન્મ જ્યંતી પ્રસંગે અલગ અલગ કાર્યક્રમો યોજાનાર છે. લોક સાહિત્યકાર શ્રી સાંઈરામ દવે, જાણીતા ગુજરાતી લેખક કાજલ ઓઝાવૈધ માયાભાઈ આહીર, જય વસાવડા અને વિવિધ કલાકારોના લાઈવ પ્રોગ્રામ. તદઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓનાં આયોજન દરમિયાન ૨ જી ઓક્ટોબરે ગાંધી જ્યંતી નિમિત્તે સામુહિક ' ખાદી ખરીદી' તેમજ સફાઈના કાર્યક્રમો આયોજીત થશે.

## કૃતજ્ઞતા પોસ્ટકાર્ડ સંદેશ:

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે રાજ્યમાં માનનિય પ્રધાનમંત્રીશ્રી દ્વારા અનેક લાભકારી યોજનાઓ અમલમાં મુકાયેલ; જેના લાભાર્થીઓ પૈકી આશરે ૨૫ લાખ લાભાર્થીઓ તેમની કૃતજ્ઞતા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને જન્મદિવસની શુભકામનાઓ સભર પોસ્ટકાર્ડ લખીને પાઠવશે.

## યુગપુરુષ જીવનગાથા પ્રદર્શન:

૪૧ જીલ્લા/મહાનગરોમાં જેમને યુગપુરુષ તરીકે સંબોધવામાં આવે છે તેવા પ્રેરણાદાયી વ્યક્તિત્વના ધની તેમજ ભારતનાં યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની શૈશવકાળ થી લઈને તેમની ૨૦ વર્ષની રાજકીય કારકિર્દી ને તાદર્શ કરતી જીવનગાથા પ્રદર્શન સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવશે. જેનો લાભ લેવા માટે ગુજરાત ભાજપ અધ્યક્ષ માન. શ્રી સીઆર પાટીલજી દ્વારા જાહેર જનતાને ભાવભીનું આમંત્રણ અપાયું છે.

પ્રચાર અને પ્રસાર અર્થે ગુજરાત પ્રદેશ ભાજપ મીડીયા સેલ દ્વારા અભૂતપૂર્વ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવેલ છે. જે અંતર્ગત ભારતીય જનતા પાર્ટી મિડીયા વિભાગ દ્વારા ઉપરોક્ત કાર્યક્રમોને સુનિયોજિત સ્વરૂપે જાહેર પ્રસ્તુતિ અર્થે મીડિયા વિભાગ દ્વારા જિલ્લા/મહાનગર ઇન્ચાર્જ અને સહ ઇન્ચાર્જની નીમંણુક કરાયેલ છે. એટલું જ નહી બલ્કે ગુજરાત

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


ભાજપ પ્રદેશના મિડીયા વિભાગના સભ્યોને બે-બે જિલ્લાના પ્રભારીની જવાબદારી આપી સેવા અને સમર્પણ અભિયાનની માહીતી પ્રદેશ વિભાગ સુધી પહોંચાડવાની જવાબદારી સોંપાઈ છે.

નિયુક્ત મીડીયા પ્રભારીઓ દરેક જિલ્લામાં સામાજીક આગેવાન, ધાર્મીક વડા, રાજકીય વિશ્લેષકો તેમજ જાણીતા સેલીબ્રીટીઓની જિલ્લા મહાનગરમાં 3 વ્યાખ્યાન માળાઓ જાહેર સ્થળો પર યોજવાની વ્યવસ્થા કરશે. દરરોજ જિલ્લાના સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત પુરા થયેલા કાર્યક્રમ બાદ એક ન્યુઝ લેટર તૈયાર કરવામાં આવશે જેમાં તમામ માહિતી જેવી કે પ્રેસનોટ, ફોટોગ્રાફ, ન્યુઝ કટીંગ વગેરે પ્રદેશ કક્ષાએ એકત્રીત કરી ડિજિટલ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવશે તેમજ તેને સોશિયલ મીડિયા તથા અને અન્ય પ્લેટફોર્મ ઉપરથી પ્રસિદ્ધ કરવામાં આવશે. દરેક જિલ્લામાં થતા તમામ કાર્યક્રમોની પ્રેસનોટ સ્થાનિક અખબારોમાં આપવામાં આવશે ત્યાર બાદ આ પ્રેસ નોટ તેમજ લોકલ સમાચાર પત્રનું ન્યુઝ કટીંગ પ્રદેશ કાર્યાલય ઉપર પહોંચાડશે. આ ઉપરાંત ઇલેક્ટ્રોનીક મીડિયાના વિડિયોની લીંક પણ મંગાવવામાં આવશે.

વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તેમજ કરોડો લોકોનાં હૃદયસમ્રાટ એવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી કે જેઓ વિરાટ વ્યક્તિત્વ ધરાવતા હોવા છતા સ્વયં ને 'પ્રધાનસેવક' તરીકે ઓળખાવે છે તેમના જન્મદિવસને 'સેવા અને સમર્પણ' જેવા ઉમદા અભિયાન સાથે જોડવાનો ઉત્તમ વિચાર કરનાર ભારતીય પાર્ટીનું સંગઠન તેના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી નડ્ડાજી તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સીઆર પાટીલ નાં ઉત્સાહવર્ધક માર્ગદર્શન હેઠળ અનેરા ઉલ્લાસનો સંચાર અનુભવી રહ્યું છે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)